PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૨/કવા–૦૨/૧૬–૧૭/ 8935 તા 25/08/95

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
રવિન્દ્રભાઈ નાગજીભાઈ બાસીડા,
–રમેશ કુંજ–,
૦૪–રણછોડ નગર,
કુવાડવા રોડ,,
જીવન કોમર્શીયલ બેન્ક ની સામે,
રાજકોટ
મો: ૯૮૨૫૭ ૧૭૭૩૯

વિષય :–લાઈન શીફટીગ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૨/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, સરઘાર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No: 04 / B / B

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૨/ક્વા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૨૩–૦૯–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ રવિન્દ્રભાઈ નાગજીભાઈ બાસીડા,ગામઃ રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, સરઘાર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :ડી.સી.કટારા, એસ.એ.રેવન્યુ, વિભાગીય કચેરી જસદણ

## : હુકમ :

**ફરીયાદ : લાઈન શીફટીગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામઃ કસ્તુરબા ધામ (ત્રંબા), ખાતે ના સર્વે નંબર : ૧૧૫ પૈકી ૨, જે હાલ ઈન્દ્રપ્રસ્થ ૦૭ મુજબ નો વિસ્તાર છે, તે વિસ્તાર મા આવેલ પીજીવીસીએલ ની વીજલાઈન શીફટીગ કરવા માટે ની, તેઓને પીજીવીસીએલ મા અરજી આપી અને શીફટીગ ના ખર્ચ ની રકમ રૂ.૪૯,૧૬૫/–, જે તા.૨૩–૦૮–૧૦ ના રોજ ભરપાઈ કરી આપેલ હોવા છતા, આજદિન સુધી એટલેકે ૦૬ વર્ષ સુધી સદર, વીજલાઈન પીજીવીસીએલ તરફથી શીફટીગ કરવામા આવેલ ન હોય, પીજીવીસીએલ ની સબંધક સરઘાર પેટા વિભાગીય કચેરી ના જવાબદાર ઈજનેર ની આવી, કાર્યપધ્ધતિ ના કારણોસર, તેઓને ઘણી બધી તકલીફ સહન કરવાની રહેલ છે. તેમજ, યોગ્ય સમયે માંગણી મુજબ નુ કામ ન થવાથી નુકશાન પણ થયેલ હોય, જેથી, અગાઉ ભરપાઈ થયેલ સદર રકમ રૂ.૪૯,૧૬૫/–પર, તેઓ આજદિન સુધી નુ વ્યાજબ મેળવવા માટે કાયદાકીય રીતે હકકદાર છે. આ તમામ બાબતો ને, પીજીવીસીએલ ની નિયમાધીન મર્યાદા અંતર્ગત ની કાર્યવાહી હેઠળ આવરી લઈ અને જવાબદાર બેદરકારો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી અને તેઓને ન્યાય આપવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો નીચેની વિગતે, ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામઃ કસ્તુરબા ધામ (ત્રંબા), ખાતે ના સર્વે નંબર : ૧૧૫ પૈકી ૨, જે હાલ ઈન્દ્રપ્રસ્થ ૦૭ મુજબ નો વિસ્તાર છે, તે વિસ્તાર મા આવેલ પીજીવીસીએલ ની વીજલાઈન શીફટીગ કરવા માટે ની, તેઓને પીજીવીસીએલ માં અરજી આપી અને શીફટીગ ના ખર્ચ ની રકમ રૂ.૪૯,૧૬૫/–, જે તા.૨૩–૦૮–૧૦ ના રોજ ભરપાઈ કરી આપેલ હતી. જે તે સમયે, સદર વિસ્તાર પીજીવીસીએલ ની સરઘાર પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ હતો. પરંતુ, ત્યારબાદ પીજીવીસીએલ ની સબંધક સરઘાર પેટા વિભાગીય કચેરી નુ વિભાજન થતા, હાલ સદર વિસ્તાર, ત્રંબા પેટા વિભાગીય કચેરી મા સમાવિષ્ટ છે. અગાઉ ની સરઘાર પેટા વિભાગીય કચેરી ખાતે સદર શીફટીગ કેઈસ ના, સબંધક દસ્તાવેજીક પેપર્સ ઉપલબ્ધ ન હોય, જેથી,હાલ ની ત્રંબા પેટા વિભાગીય કચેરી તરફથી, સદર શીફટીગ કેઈસ બાબતે ના, અગાઉ અરજદાર તરફથી ભરપાઈ થયેલ સદર રકમ રૂ.૪૯,૧૬૫/– મુજબ ના દસ્તાવેજીક પેપર્સ હાથ પર લઈ અને અરજદાર શ્રી ને, તેમના જણાવ્યા મુજબ ના સ્થળ પર રૂબરૂ હાજર રાખીને, તેમની માંગણી મુજબ ની વીજલાઈન ના થાંભલાઓ ખસેડવા બાબતે ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ કરી અને અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની, આજરોજ ની તા.૨૩–૦૯–૧૬ ની મીટીગ દરમ્યાન, ફરીયાદી અરજદારે પણ, તેમની સદર ફરીયાદ નુ, નિરાકરણ થયા સબબ નુ, કન્વીનર શ્રી ને મોબાઈલ પર વાતચીત કરી અને સમર્થન આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ની, તેમની માલીકી ની જમીન પર, અગાઉ ખર્ચ ની રકમ, જે તા.૨૩–૦૮–૧૦ ના રોજ ભરપાઈ થયેલ હોય, તે મુજબ ના નડતરરૂપ વીજથાંભલાઓ, ખસેડવાની કામગીરી, પીજીવીસીએલ ની સબંધક ત્રંબા પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..